S.B.P. / 1500 Ped /8/ 15

ખાનગી :

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

જુનિયર નિરીક્ષક ક્રમાંક ____________________

નામ : ____________________

કેટલા વિદ્યાર્થીઓનું સુપરવિઝન કરવાનું છે ____________________

પરીક્ષાનું નામ : ____________________

પરીક્ષાનું સ્થળ : ____________________

પરીક્ષાની તારીખો :

| આખો દિવસ | અર્ધો દિવસ |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |

મુખ્ય નિરીક્ષકની સહી :

## જુનિયર નિરીક્ષકોને સામાન્ય સૂચનાઓ

૧. નિરીક્ષકોએ પ્રથમ પ્રશ્નપત્ર જે દિવસે પરીક્ષાર્થીઓને આપવાનું છે તે દિવસે ઓછામાં ઓછું ૩૦ મિનિટ પહેલાં અને ત્યારપછીના દરેક દિવસે ૧૫ મિનિટ પહેલાં પરીક્ષાના સ્થળે હાજર રહેવું પડશે.

૨. જુનિયર નિરીક્ષકો પરીક્ષાર્થીઓને જે મુખ્ય પૂરક ઉત્તરવહીઓ આપે તેમાં તે આપતાં પહેલાં દરેકમાં પોતાની સહી કરી તારીખ નાખવી જોઈએ. આ સૂચનાના ભંગને ગંભીર ગણવામાં આવશે અને તેમની સામે કડક પગલાં લેવામાં આવશે.

૩. જુનિયર નિરીક્ષકોએ પ્રશ્નપત્રોની વહેંચણી પોતાના ખંડના છેલ્લા પરીક્ષાર્થીથી શરૂ કરવી.

૪. જો પ્રશ્નપત્ર બે કે વધારે વિભાગમાં વહેંચાયેલો હોય તો દરેક વિભાગ માટે એક એ ધોરણે મુખ્ય ઉત્તરવહીઓ અને જો પ્રશ્નપત્રમાં વિભાગ ન હોય તો એક મુખ્ય ઉત્તરવહી પરીક્ષાર્થીઓને આપવી. પરીક્ષાર્થીઓને અગાઉ આપેલી મુખ્ય કે પૂરક ઉત્તરવહીઓ સંપૂર્ણ લખાય ત્યારબાદ જ પૂરક ઉત્તરવહી આપવી.પૂરક ઉત્તરવહીઓ પરીક્ષાર્થીઓની જરૂરિયાત મુજબ જ આપવી. પરીક્ષાર્થીઓને પૂરક ઉત્તરવહીઓ આપતા પહેલાં તેમાં મથાળા પર બતાવેલ યોગ્ય જગ્યાએ તેમણે તે સહી કરી તારીખ નાખવી જોઈએ. નિરીક્ષકોએ પરીક્ષાર્થીઓ પાસેથી લખેલી કે કોરી તમામ ઉત્તરવહીઓ પાછી એકઠી કરવાની કાળજી રાખવી અને સંકેત-ઘંટ વાગી ગયા પછી કોઈપણ પરીક્ષાર્થી પોતાની પાસે કોરી ઉત્તરવહી રાખે નહીં તે ખાસ જોવું જોઈશે. વિદ્યાર્થીને જ્યારે મુખ્ય ઉત્તરવહી આપવામાં આવે ત્યારે તે વિદ્યાર્થીને મુખ્ય ઉત્તરવહી તેમને મળી છે તેની ખાત્રી માટે જે તે વિદ્યાર્થીની સહી ઉત્તરવહી જુનિયર સુપરવાઇઝરે નવા પત્રકમાં લેવી. જુનિયર સુપરવાઇઝરે પત્રકમાં બધી વિગતો ચોક્કસાઇથી ભરવી અને મુખ્ય ઉત્તરવહી પર આપવામાં આવેલ ક્રમાંક આ રિપોર્ટ વિદ્યાર્થીના બેઠકક્રમાંક સામે દર્શાવવો.

૫. જે પરીક્ષામાં કોડ નંબર આપવાનું નક્કી કરવામાં આવ્યું હોય તે પરીક્ષા માટે ખાસ મુકરર કરેલ ઉત્તરવાહીઓ અને પૂરક ઉત્તરવહીઓ વાપરવી. તે ઉત્તરવહીઓમાં નિરીક્ષકે જાતે પરીક્ષાર્થીનો નંબર પરીક્ષાર્થીને તેની મુકરર કરેલી જગ્યાએ લખીને આપવાની રહેશે. જમણી બાજુ બતાવેલ ચોરસમાં કોઇ વિગત કે લખાણ પરીક્ષાર્થી કરે નહીં તે જોવું.

૬. પરીક્ષા ચાલુ હોય ત્યારે જુનિયર નિરીક્ષકોએ પોતાને સોંપેલા ખંડના પરીક્ષાર્થીઓ પર પૂરી દેખરેખ રાખવી જોઈએ.

૭. નિરીક્ષકોએ પરીક્ષાર્થીઓને નકલ (કૉપી) કરતાં તથા એક બીજા સાથે અથવા બીજી વ્યક્તિ સાથે વાતચીત કરતાં અટકાવવા સતત જાગૃત રહેવું જોઈશે.